For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**હત્યાનો ભેદ ઉકેલાયો :** ગુતાલની અવાવરુ ખેતરની ઓરડીમાંથી મળી હતી સળગેલી લાશ

# વીડિયો કોલ આવ્યા બાદ અકળાયેલા પ્રેમીએ પ્રેમિકાના ગળા પર ધારીયું મારી પતાવી દીધી

**CCTV** અને ટેકનિકલ સર્વેલન્સથી ભેદ ઉકેલાયો, સાથે નોકરી કરતા પ્રેમીની હત્યાના આરોપમાં ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા ગ્રામ્યના વાઘોડિયા તાલુકાના ગુતાલ ગામની સીમમાં ખેતરની ઓરડીમાંથી મળી આવેલી અજાણી મહિલાની સળગેલી લાશના ચકચારી હત્યા કેસનો પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી કાઢ્યો છે. પ્રેમસંબંધમાં ચાલતી તકરારના અંતે મહિલાની ધારિયાના ઘા મારી હત્યા કર્યા બાદ ઓળખ છુપાવવા માટે લાશને ડાંગરના પૂળા સાથે સળગાવી દેવામાં આવી હતી. પોલીસે CCTV ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે હત્યાના રીઢા આરોપીની ધરપકડ કરી છે.

વાઘોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુતાલ ગામની સીમમાં જયેશભાઈ માવજીભાઈ ભાલીયાના ખેતરની ઓરડીમાં ડાંગરના ઘાસ અને પૂળા વચ્ચેથી અજાણી મહિલાની સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં મહિલાની હત્યા કરી પુરાવાનો નાશ કરવા તથા તેની ઓળખ છુપાવવા માટે લાશ સળગાવવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. જેના આધારે વાઘોડિયા પોલીસ મથકે અજાણ્યા આરોપી સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળની આસપાસ તપાસ કરતાં એક પર્સ, ચશ્મા અને ચંપલ મળી આવ્યા હતા. પર્સમાંથી મળેલા આધાર પુરાવાના આધારે મૃતકની ઓળખ લક્ષ્મીબેન ગીરીશભાઈ રોહીત (રહે. દેવનગર-નટવરનગર, તાલુકો સાવલી) તરીકે થઈ હતી. લક્ષ્મીબેન 25 ઓગસ્ટે નોકરીની શોધમાં ઘરેથી નીકળ્યા બાદ પરત ફર્યા ન હતા. તેમના પુત્રે ભાદરવા પોલીસ મથકે ગુમ થયાની જાણ કરી હતી.

મૃતકની ઓળખ થયા બાદ પોલીસે તેના છેલ્લા સમયના હલનચલન અંગે તપાસ શરૂ કરી હતી. હ્યુમન સોર્સ તેમજ આસપાસના CCTV કેમેરાના ફૂટેજની ચકાસણી દરમિયાન લક્ષ્મીબેન એક પુરુષ સાથે બાઈક પર જતી હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે શંકાસ્પદ વિષ્ણુ રતીલાલ મકવાણાને ઝડપી પાડ્યો હતો. પોલીસની પૂછપરછમાં આરોપીએ જણાવ્યું હતુ કે તે અને લક્ષ્મીબેન મંજુસરની એક કંપનીમાં સાથે નોકરી કરતા હતા અને બંને વચ્ચે પ્રેમસંબંધ પાગર્યો હતો. પ્રેમસંબંધને લઈને બંને વચ્ચે અવારનવાર તકરાર થતી હતી. 25 ઓગસ્ટે આરોપીએ મહિલાને મંજુસર GIDC ખાતે બોલાવી બાઈક પર ગુતાલ ગામની સીમમાં આવેલી અવાવરુ ઓરડીમાં લઈ ગયો હતો.

ત્યાં મહિલા પર આવેલા વિડીયો કોલને લઈ બંને વચ્ચે તકરાર થતાં આરોપીએ આવેશમાં આવી લોખંડના ધારિયાના ઘા મારી લક્ષ્મીબેનની હત્યા કરી નાખી હતી. ત્યારબાદ બીજા દિવસે, 26 ઓગસ્ટે બપોરના સમયે લાશની ઓળખ ન થાય અને પુરાવાનો નાશ થાય તે હેતુથી ડાંગરના પૂળા સાથે લાશને આગ ચાંપી દીધી હતી. વાઘોડિયા પોલીસ સહિતની ટીમોએ તપાસ શરૂ કરી હતી જેમાં સીસીટીવી ફૂટેજ ના આધારે વિષ્ણુ મકવાણાની પોલીસે પૂછપરછ શરૂ કરી હતી જેમાં આરોપીએ આખરે વટાણા વેરી નાખ્યા હતા અને મહિલાની હત્યા કરી હોવાની કબુલાત કરી હતી. જેથી વાઘોડિયા પોલીસે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.





સાવલી ખાતે આવેલી કંપનીમાંથી પ્રેમી પ્રેમિકાને બાઈક પર બેસાડી વાઘોડિયાના ગુતાલ ગામે ખેતરની ઓરડીમાં લઈ ગયો હતો ત્યાં હત્યા કર્યા બાદ લાશ સળગાવી દીધી હતી.

## સાવલીથી ગુતાલ સુધી અનેક ફૂટેજ પોલીસે ખંગાળ્યા

સાવલીની કંપનીથી ગુતાલ સુધી પોલીસે અનેક CCTV કેમેરાના ફૂટેજ ખંગાળ્યા હતા. મૃતક મહિલા કોની સાથે અને કઈ દિશામાં ગઈ હતી તેની તપાસ માટે પોલીસે રસ્તામાં આવેલા વિવિધ કેમેરાની કડીઓ જોડી હતી. સાથે જ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદ લેવાઈ હતી. સતત તપાસ દરમિયાન મહિલાને એક પુરુષ સાથે બાઈક પર જતી જોવા મળતાં પોલીસને મહત્વની કડી મળી હતી. ત્યારબાદ પોલીસે શંકાસ્પદ વિષ્ણુ મકવાણાને ઝડપી પાડી પૂછપરછ કરતાં સમગ્ર હત્યાકાંડનો ભેદ ઉકેલાયો હતો.



## ચોરીની બાઈક પર હત્યા સ્થળે પહોંચ્યો આરોપી

હત્યા કેસની તપાસ દરમિયાન પોલીસને વધુ એક ચોંકાવનારી હકીકત સામે આવી હતી. આરોપી વિષ્ણુ મકવાણાએ મહિલાની હત્યા કરવા માટે જે બાઈકનો ઉપયોગ કર્યો હતો, તે બાઈક પણ ચોરીની હોવાનું બહાર આવ્યું હતું. એટલું જ નહીં, આરોપી પાસે રહેલો મોબાઈલ ફોન પણ મંજુસર વિસ્તારમાંથી ચોરી કરવામાં આવ્યો હતો. હત્યા પહેલા જ આરોપીએ ચોરીની બાઈક અને મોબાઈલનો ઉપયોગ કરી સમગ્ર ઘટનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

## હત્યા કરી બીજા દિવસે આરોપીએ લાશ સળગાવી

ગુતાલ ગામે હત્યા કરાયા બાદ મહિલાની લાશને સળગાવી પુરાવાનો નાશ કરનાર પ્રેમી આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે આ આરોપી સામે 12 જેટલા બાઈક ચોરીના ગુના નોંધાયેલા છે અને આ રીઢો આરોપી છે. આ આરોપી ગુનામાં વાપરેલો મોબાઈલ અને બાઈક બંને ચોરીના છે. આરોપી મહિલાના મોબાઈલ પર અન્ય વ્યક્તિનો વિડિયો કોલ આવતા જ તે ઉશ્કેરાઈ બાજુમાં પડેલા ધારિયા વડે હત્યા કરી નાખી હતી. બાદમાં લાશને સંતાડી ત્યાંથી ફરાર થઈ જાય છે અને બીજા દિવસે તે સળગાવી દીધી હતી. **- શુશીલ અગ્રવાલ,** એસ પી વડોદરા

## હત્યારા રીઢા આરોપી સામે ૧૨ જેટલા ગુનામાં નોધાયા

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે હત્યાના ગુનામાં ઝડપાયેલો વિષ્ણુ રતીલાલ મકવાણા અગાઉથી ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. આરોપી વિરુદ્ધ વડોદરા ગ્રામ્ય તેમજ શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરી સહિતના આશરે 12 ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં બોડેલી, વાઘોડિયા, કિશનવાડી, હરણી, ફતેગંજ, વાડી, જવાહરનગર, ગોત્રી, બાપોદ અને પાણીગેટ પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે. રીઢા ગુનેગારની ધરપકડથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



# ધનિયાવી ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટના અજાણ્યા વાહનની અડફેટે એકનું મોત

**૪૮ કલાકમાં** હાઈવે પર અકસ્માતનું ત્રીજું મોત, શહેરમાં કુલ ચારના જીવ ગયા

**બેફામ** દોડતા વાહનો સામે કડક કાર્યવાહી ક્યારે? લોકોમાં રોષ



(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેર અને આસપાસના હાઈવે પર છેલ્લા 48 કલાકમાં અકસ્માતોની હારમાળા સર્જાઈ છે. બેફામ ઝડપે દોડતા વાહનોને કારણે અનેક લોકોના જીવ ગયા છે ત્યારે ધનિયાવી ચોકડી પાસે વધુ એક ગંભીર અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. અજાણ્યા વાહને અડફેટે લીધા બાદ વાહનચાલક ફરાર થઈ જતાં બનાવ હિટ એન્ડ રન હોવાનું પ્રાથમિક અનુમાન છે.

મળતી માહિતી મુજબ ધનિયાવી ચોકડી નજીક એક વ્યક્તિ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહને તેને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે વ્યક્તિનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટના અંગે જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

પોલીસે ઘટના સ્થળેથી મૃતકના આધારકાર્ડ સહિતના દસ્તાવેજો મેળવી ઓળખ કરતા તેનું નામ પ્રવેન્દ્ર સિંહ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી અકસ્માત સર્જનાર અજાણ્યા વાહન અને તેના ચાલકની શોધખોળ શરૂ કરી છે. આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા 48 કલાકમાં હાઈવે પર અકસ્માતમાં આ ત્રીજું મોત છે. એક દિવસ અગાઉ માણેજા ચોકડી પાસે સર્જાયેલા અકસ્માતમાં નાની દીકરીએ પણ જીવ ગુમાવ્યો હતો. આ સહિત શહેરમાં 48 કલાક દરમિયાન અકસ્માતની વિવિધ ઘટનાઓમાં કુલ ચાર લોકોના મોત થતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાઈવે અને શહેરના માર્ગો પર વાહનો બેફામ ઝડપે દોડતા હોવા છતાં ટ્રાફિક નિયમોના પાલન અને સ્પીડ નિયંત્રણ અંગે પૂરતી કડકાઈ થતી ન હોવાની ચર્ચા છે. વારંવાર સર્જાતા જીવલેણ અકસ્માતોને પગલે હવે બેફામ ઝડપે દોડતા વાહનો સામે કડક કાર્યવાહી ક્યારે થશે તેવો સવાલ લોકોમાં ઉઠી રહ્યો છે.

## દશરથ પાસે હિટ એન્ડ રન: આઈસ્ક્રીમ લારીચાલકનું મોત



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા નજીક દશરથ ગામ પાસે પેટ્રોલ પંપ નજીક હિટ એન્ડ રનની ગંભીર ઘટના બની હતી. પુરપાટ ઝડપે આવેલી લાલ રંગની સ્વિફ્ટ કારે આઈસ્ક્રીમની લારીને ટક્કર મારતાં 55 વર્ષીય હનુમાન જાટનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૂળ રાજસ્થાનના હનુમાન જાટ ત્રણ દિવસ અગાઉ પદમલા ગામે રહેવા આવ્યા હતા અને દશરથમાં આઈસ્ક્રીમની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ બ્રિજ પરથી નીચે ઉતરી રહ્યા હતા ત્યારે પાછળથી આવેલી કારે લારીને અડફેટે લીધી હતી. અકસ્માત બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં પોલીસ સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે CCTV ફૂટેજના આધારે ફરાર કારચાલકની શોધખોળ શરૂ કરી છે.

## દારૂના નશામાં કાર ડિવાઈડર પર ચડાવી



(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરામાં નશાની હાલતમાં વાહન ચલાવવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. મકરપુરા પોલીસ સ્ટેશન સામે દારૂના નશામાં બલેનો કાર ચલાવતા ચાલકે કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

મળતી માહિતી મુજબ માણેજા ક્રોસિંગ પાસે રુદ્રાક્ષ ફ્લેટમાં રહેતા કિશોર રામા રોહિત કાર લઈને મકરપુરા પોલીસ સ્ટેશન સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. બનાવની જાણ થતાં માંજલપુર પોલીસ સ્થળ પર પહોંચી હતી. તપાસ દરમિયાન કારચાલક દારૂના નશામાં હોવાનું જણાતાં પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિદેશી મેડિકલ વિદ્યાર્થીઓની હવે વર્ષમાં ૩ વખત FMGE પરીક્ષા

**નેશનલ** બોર્ડ ઓફ એક્ઝામિનેશનનો મહત્વનો નિર્ણય, ૩૧ ઓક્ટોબરે વધારાની પરીક્ષા લેવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વિદેશની મેડિકલ કોલેજોમાંથી MBBSનો અભ્યાસ પૂર્ણ કરી ભારતમાં ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવા માંગતા હજારો વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સિસ (NBEMS) દ્વારા લેવામાં આવતી ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામિનેશન (FMGE) હવે વર્ષમાં બે વખતને બદલે ત્રણ વખત યોજાશે.

અત્યાર સુધી FMGE પરીક્ષા વર્ષમાં માત્ર બે વખત લેવામાં આવતી હોવાથી વિદેશથી મેડિકલ અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે લાંબી રાહ જોવી પડતી હતી. વિદ્યાર્થીઓ દ્વારા લાંબા સમયથી પરીક્ષા વર્ષમાં ત્રણ વખત યોજવાની માંગ કરવામાં આવી રહી હતી. આ માંગને ધ્યાનમાં રાખીને NBEMS દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ, ચાલુ વર્ષે 31 ઓક્ટોબર, 2026ના રોજ વધારાની FMGE પરીક્ષા યોજવામાં આવશે. પરીક્ષા દેશભરના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર કોમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) મોડમાં લેવામાં આવશે. આ વધારાની પરીક્ષાથી વિદેશી મેડિકલ સ્નાતકોને ભારતમાં પ્રેક્ટિસ માટે જરૂરી લાઈસન્સિંગ પરીક્ષા વહેલી આપવાની તક મળશે.

દરમિયાન જાન્યુઆરી 2027માં યોજાનારી અગાઉની FMGE પરીક્ષાના સમયપત્રકમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ પરીક્ષા જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી 2027માં નવી તારીખે યોજાશે. તેની ચોક્કસ તારીખની સત્તાવાર જાહેરાત બોર્ડ દ્વારા યોગ્ય સમયે કરવામાં આવશે.

## રેલવે જમીન પર દબાણો મુદ્દે હપ્તાખોરીના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરામાં ફૂટપાથ બાદ હવે રેલવેની જમીન પરના કાયમી દબાણોનો મુદ્દો ગરમાયો છે. રેલવે કર્મચારીઓ હપ્તા લેતા હોવાથી દબાણો દૂર ન થતા હોવાના આક્ષેપ સાથે જાગૃત નાગરિકોએ પ્રતાપનગર ડિવિઝનલ રેલવે મેનેજરને રજૂઆત કરી છે.

રાકેશ પટેલ, યસ ત્રિપાઠી અને મહેશ શર્માએ રજૂઆતમાં જણાવ્યું છે કે, લાલબાગ બ્રિજથી વિશ્વામિત્રી સુધીની રેલવે કમ્પાઉન્ડ વોલ પર કાપડના વેપારીઓએ વાંસડા બાંધી કાયમી દબાણ કર્યું છે. ટ્રેક નજીક માલસામાન અને અન્ય સામગ્રી રાખવામાં આવતી હોવાથી સુરક્ષાનો પ્રશ્ન ઉભો થયો છે.ઉપરાંત લાલબાગથી માંજલપુર નાકા સુધી રક્ષા શક્તિ યુનિવર્સિટીના ગેટ પાસે ફર્નિચર અને ઝુલાના વેપારીઓએ રહેઠાણ ઉભું કર્યું હોવાનો આક્ષેપ છે. અરજદારોએ દબાણો દૂર કરી સામગ્રી જપ્ત કરવા તેમજ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

**દોડકાથી ભામૈયા સુધીનો ૮-લેન એક્સપ્રેસવે સત્તાવાર ટોલ રોડ બન્યો**

# વડોદરા-ગોધરા ભારતમાલા એક્સપ્રેસવે હવે ટોલ રોડ, ૬૬ કિમીના રૂટ પર વસૂલાત શરૂ

**કાર** માટે એક તરફી રૂ.150 ટોલ, 24 કલાકમાં પરત ફરનારને 25% અને નિયમિત મુસાફરને 33% રાહત





(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરાથી ગોધરા વચ્ચેનો ભારતમાલા એક્સપ્રેસવે (એનઈ-4) હવે સત્તાવાર રીતે ટોલ રોડ બની ગયો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આ 66 કિલોમીટરના સ્ટ્રેચ પર ટોલ વસૂલાત શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જો કોઈ વાહન 24 કલાકમાં પરત ફરશે તો તેને ટોલમાં 25% ડિસ્કાઉન્ટ મળશે, જ્યારે એક મહિનામાં 50 વખત મુસાફરી કરનાર નિયમિત મુસાફરને 33% રાહત મળશે.

ભારતમાલા પરિયોજના અંતર્ગત બનેલો આ સ્ટ્રેચ પંચમહાલ જિલ્લાના ગોધરા નજીકના ભામૈયા ગામથી લઈને વડોદરા નજીકના સાવલી તાલુકાના દોડકા ગામ સુધી વિસ્તરેલો છે. આ આઠ-લેન એક્સેસ-કન્ટ્રોલ્ડ એક્સપ્રેસવે તા.13 એપ્રિલથી વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને અત્યાર સુધી ટ્રાયલ બેઝ પર વાહનોને ફ્રીમાં પસાર થવા દેવામાં આવતા હતા.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને કારણે ટોલ દરો જાહેર કરવામાં આવ્યા ન હતા, પરંતુ હવે સત્તાવાર દરો જાહેર કરી દેવાયા છે. આ હાઈવે વડોદરા જિલ્લામાં વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ-વેને જોડશે. હાલ દક્ષિણ ગુજરાતમાં નવસારીથી વડોદરા સુધીનો વાહન વ્યવહાર આ એક્સપ્રેસવે પર ચાલુ છે, જ્યારે વડોદરાથી ગોધરા સુધીનો માર્ગ શરૂ થતા ગોધરા, કાલોલ અને વડોદરા વચ્ચેનું જોડાણ વધુ સરળ બન્યું છે અને મધ્યપ્રદેશના ઈન્દોર સુધી જવા માટે સમયની મોટી બચત થશે. દોડકા અને ભામૈયા ટોલ પ્લાઝા વચ્ચેના 66 કિમી માટે એક તરફી ટોલ દર જેમાં કાર / જીપ 150, મિની બસ 240, ટુ-એક્સેલ ટ્રક / બસ 505, થ્રી-એક્સેલ વાહન 550 રહેશે. સાથે જ વાહનચાલકોને રાહત પણ આપવામાં આવી છે. જો કોઈ વાહન 24 કલાકમાં પરત ફરશે તો તેને ટોલમાં 25% ડિસ્કાઉન્ટ મળશે, જ્યારે એક મહિનામાં 50 વખત મુસાફરી કરનાર નિયમિત મુસાફરને 33% રાહત મળશે. સુરક્ષાના કારણોસર આ એક્સપ્રેસવે પર ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, સાયકલ અને બળદગાડાને પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

**શિક્ષણ વિભાગનો મહત્વનો નિર્ણય**

# ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં SMC ની રચના નહીં કરવી પડે

**ગ્રાન્ટેડ** શાળાઓ PTR ટ્રસ્ટ કાયદા હેઠળ ચાલતી હોવાથી માત્ર અધિકૃત ટ્રસ્ટીઓ જ સંચાલન કરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

રાજ્યની તમામ ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય જાહેર કર્યો છે. હવેથી આ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની નવી રચના કરવાની જરૂર રહેશે નહીં. આ અંગે રાજ્ય શાળા સંચાલક મહામંડળે તમામ શાળા સંચાલકોને પરિપત્ર પાઠવી સ્પષ્ટતા કરી છે.

પરિપત્રમાં જણાવાયું છે કે, જે ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓ કેન્દ્ર કે રાજ્ય સરકારની શિક્ષણ ક્ષેત્રની કોઈપણ યોજના હેઠળ આર્થિક લાભ કે અનુદાન મેળવતી નથી, તેવી શાળાઓમાં SMCની રચના ફરજિયાત નથી. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા નેશનલ એજ્યુકેશન પોલિસી, સમગ્ર શિક્ષા અભિયાન અને આરટીઈ એક્ટ-2009 હેઠળ SMC અંગે બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાના સંદર્ભમાં આ નિર્ણય લેવાયો છે. મહામંડળે સ્પષ્ટ કર્યું છે કે ગ્રાન્ટેડ શાળાઓ સંબંધિત કાયદા હેઠળ નોંધાયેલી જાહેર સંસ્થાઓ છે અને તેનું સંચાલન નાયબ ચેરિટી કમિશનરની કચેરીમાં પીટીઆર પર નોંધાયેલા અધિકૃત ટ્રસ્ટીઓ દ્વારા થાય છે. આ કાનૂની સ્થિતિને ધ્યાનમાં લેતાં નવી SMC રચવાની જરૂરિયાત રહેતી નથી.

દરમિયાન ધોરણ 1થી 5ના ગુણોત્સવ મૂલ્યાંકનમાં SMCને લગતા પ્રશ્નો અંગે પણ સ્થિતિ સ્પષ્ટ કરાઈ છે. શાળાઓએ પ્રશ્નોત્તરીમાં શાળા સંચાલક ટ્રસ્ટ કે સોસાયટીના પીટીઆર પર નોંધાયેલા વર્તમાન ટ્રસ્ટીઓ અને સભ્યોની વિગતો જ દર્શાવવાની રહેશે.

**જાગૃત નાગરિકોએ કમિશનરને કરી લેખિત ફરિયાદ**

# ફૂટપાથ પરના દબાણો મુદ્દે ગંભીર આક્ષેપ, દબાણ શાખા હપ્તાખોરી કરે છે!

**લાલબાગથી** વિશ્વામિત્રી બ્રિજ સુધી 300 વેપારીઓના કાયમી દબાણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખા દ્વારા અવારનવાર દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવે છે, ત્યારે આ કામગીરી સામે જ ગંભીર સવાલો ઊભા થયા છે. લાલબાગ બ્રિજથી વિશ્વામિત્રી બ્રિજ સુધીના ફૂટપાથ પર વર્ષોથી અડિંગો જમાવીને બેઠેલા દબાણો સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? તે અંગે માંજલપુર અને લાલબાગ સોસાયટીના જાગૃત નાગરિકોએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે.

રમેશ પટેલ, કેશવ મરાઠે અને કમલેશ પંડ્યાએ કરેલી અરજીમાં આક્ષેપ કર્યો છે કે દબાણ શાખાના અધિકારીઓ દ્વારા માત્ર સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે દબાણ હટાવવાની કામગીરીનું નાટક કરવામાં આવે છે. લાલબાગ બ્રિજના ફૂટપાથથી વિશ્વામિત્રી બ્રિજ સુધી આશરે 300 જેટલા વેપારીઓ લારીઓ અને પથારા ગોઠવી કાયમી ધોરણે વેપાર કરતા હોવાનું જણાવાયું છે. કેટલાક વેપારીઓએ વાંસ બાંધી તેના પર કપડાં લટકાવી દબાણ વધાર્યું હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

અરજદારોનો સીધો આક્ષેપ છે કે આવા વેપારીઓ પાસેથી દર મહિને 'હપ્તો' લેવામાં આવતો હોવાથી તેમના દબાણો સામે કાયમી કાર્યવાહી થતી નથી. જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

આ ઉપરાંત લાલબાગ બ્રિજ નીચે એસબીઆઈ બ્રાન્ચથી માંજલપુર નાકા સુધી, રેલવેની કમ્પાઉન્ડ વોલ નીચે તેમજ પીડબલ્યુડીના ખંડેર મકાનમાં ભંગાર અને ફર્નિચરનો ખડકલો કરી વેપાર થતો હોવાનો અરજીમાં ઉલ્લેખ છે. અરજદારોના જણાવ્યા મુજબ સંબંધિત લોકોને હાઉસિંગ બોર્ડમાં મકાનો ફાળવાયા હોવા છતાં તેઓ કાયમી દબાણ કરીને ત્યાં જ વેપાર કરે છે.

દબાણ શાખાની ટીમ કાર્યવાહી માટે આવે તે પહેલાં જ વેપારીઓને જાણ કરી દેવામાં આવતી હોવાનો પણ આક્ષેપ છે. પરિણામે થોડો સામાન હટાવી કાર્યવાહી પૂર્ણ બતાવવામાં આવતી હોવાનો દાવો કરાયો છે. નાગરિકોએ આ તમામ કાયમી દબાણો સામે કડક અને નિષ્પક્ષ કાર્યવાહી ક્યારે થશે તેવો સવાલ ઉઠાવી તંત્ર પાસે જવાબ માંગ્યો છે.

**રેલવે પરિસરમાં સ્વચ્છતાને લઈને કડકાઈ**

# ટ્રેન-પ્લેટફોર્મ પર ગંદકી કરી તો હવે ૧,૦૦૦નો દંડ ફટકારાશે!

**જો** 1000 રૂપિયા દંડ નહીં ભરો તો કોર્ટમાં 2000 સુધીનો દંડ ભરવો પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

ટ્રેનમાંથી કચરો ફેંકવાની કે પ્લેટફોર્મ પર ગંદકી કરવાની આદત ધરાવતા મુસાફરો માટે કડક નિયમ અમલમાં લવાયો છે. ભારતીય રેલવેએ સ્વચ્છતા નિયમો વધુ કડક બનાવ્યા છે. જેમાં સ્ટેશન અને ટ્રેનમાં કચરો ફેંકવા બદલ 1000 વસૂલાશે અને દંડ નહિ ભરો કોર્ટમાં જશો તો 2000 સુધીનો દંડ ભરવો પડશે.

રેલવે મંત્રાલય દ્વારા રાજપત્રમાં જાહેરનામું બહાર પાડી 2012ના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. જે અંતર્ગત સ્ટેશન, પ્લેટફોર્મ કે કોચમાં કચરો ફેંકવા પર લાગતો મહત્તમ દંડ 500થી વધારીને 1000 કરી દેવામાં આવ્યો છે. જો મુસાફર સ્થળ પર દંડ ન ભરે તો મામલો કોર્ટમાં જશે, જ્યાં 2000 સુધીનો વધારાનો દંડ થઈ શકે છે. જાહેરનામા મુજબ રેલવે પરિસરમાં થૂંકવું, દીવાલો પર લખવું, પોસ્ટર ચોંટાડવા, રસોઈ બનાવવી, કપડાં ધોવા અને ગમે ત્યાં પેશાબ કરવો એ ગંભીર ગુનો ગણાશે. આ નિયમો તાત્કાલિક અસરથી લાગુ કરી દેવાયા છે. દંડ વસૂલવાની સત્તા સ્ટેશન માસ્ટર, ટિકિટ કલેક્ટર અને રેલવે દ્વારા અધિકૃત અધિકારીઓને સોંપવામાં આવી છે. સાથે જ સ્ટેશન પરના અધિકૃત વેન્ડરોએ પણ ફરજિયાતપણે ડસ્ટબિન રાખવા અને કચરાના નિકાલની વ્યવસ્થા કરવી પડશે. રેલવે તંત્રનું માનવું છે કે રોજ કરોડો લોકો મુસાફરી કરે છે ત્યારે સ્વચ્છતા જાળવવી એ માત્ર તંત્રની નહીં પણ મુસાફરોની પણ જવાબદારી છે.

**સમયમર્યાદામાં ટેટનું પ્રમાણપત્ર નહીં હોય તેમણે રાજીનામું આપવું પડશે**

# શિક્ષક બનવા માંગતા ઉમેદવારો માટેની CTET ની પરીક્ષા મોકૂફ

**સુપ્રીમ** કોર્ટના આદેશ બાદ CBSEએ ફરી ખોલ્યું અરજી પોર્ટલ, 1 સપ્ટેમ્બર સુધી કરી શકાશે અરજી

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આગામી 6 સપ્ટેમ્બરે યોજાનારી સેન્ટ્રલ ટીચર એલિજિબિલિટી ટેસ્ટની 22મી આવૃત્તિની પરીક્ષા હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. બોર્ડે આ અંગે સત્તાવાર જાહેરાત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા એક ચુકાદાને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્ટના નિર્દેશ અનુસાર, દેશભરના તમામ પાત્ર શિક્ષકોને નિયમિત ટેટ પાસ કરવા માટે પ્રયત્ન માટે વધુ સમય આપવાની જરૂર છે. આ નિર્દેશને ધ્યાનમાં રાખીને સીબીએસઈએ અગાઉ બંધ કરેલી અરજી પ્રક્રિયા ફરીથી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જે ઉમેદવારોએ અગાઉ અરજી કરી દીધી છે તેમણે ફરીથી અરજી કરવાની જરૂર નથી, તેમની અગાઉની અરજી માન્ય ગણાશે. પરંતુ જે ઉમેદવારો અરજી કરવાથી વંચિત રહી ગયા હતા, તેઓ હવે 1 સપ્ટેમ્બર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. બોર્ડ દ્વારા પરીક્ષાની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ શિક્ષણની પ્રાથમિક શાળાઓમાં વર્ષોથી નોકરી કરતા હજારો સેવારત શિક્ષકો માટે 31 ઓગસ્ટ 2028 સુધીમાં ટેટ પાસ કરવી ફરજિયાત બનાવાઈ છે. જે શિક્ષકો પાસે નિયત સમયમર્યાદામાં ટેટનું પ્રમાણપત્ર નહીં હોય તેમણે રાજીનામું આપવું પડશે અથવા નિવૃત થવું પડશે. આ કારણસર આ વખતે સીટીઈટી પરીક્ષામાં બેસનારા શિક્ષકો અને ઉમેદવારોની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, અરજી ફી તરીકે એક પેપરની રૂ. 1200 અને બંને પેપર માટેની રૂ. 1200 ફી નક્કી કરવામાં આવી છે, જ્યારે અનામત કેટેગરી માટે એક પેપરની રૂ. 500 અને બંને પેપરની રૂ. 600 ફી રાખવામાં આવી છે.